# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યમાં વર્કફ્રોમ હોમના અમલ માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ.**
2. **રાજ્યમાં ઇંધણનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ, અફવાઓથી દૂર રહેવા સરકારની નાગરિકોને અપીલ.**
3. **ઇંધણ બચાવવાની પ્રધાનમંત્રીની અપીલ બાદ સુરતમાં ઇ વાહનોની ખરીદીમાં વધારો.**
4. **મોરબીમાં હરીપર પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં ચારના મોત.**
5. **IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ક્વોલિફાયર-1 માં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# WAGAHNI MEETING

ગાંધીનગરમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીના નિવાસસ્થાને ગઇકાલે મોડી સાંજે મહત્વપૂર્ણ પરામર્શ સમિતિની બેઠક મળી હતી. જેમાં વર્ક ફ્રોમ હોમની રજૂઆતો તથા રાજ્ય સરકારના આગામી પ્રવેશોત્સવ સહિતના કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી.

સરકારના વિવિધ સંગઠનો તરફથી વર્ક ફ્રોમ હોમ અંગે રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના આધારે, રાજ્ય સરકાર દ્વારા આંશિક વર્ક ફ્રોમ હોમ સહિતના વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી છે. આ બેઠકમાં ખાસ કરીને વર્ક ફ્રોમ હોમની વ્યવસ્થા, તેના અમલ અને અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પાર્શિયલ વર્ક ફ્રોમ હોમ અંગે પણ ચર્ચા થઈ હતી, જેમાં કેટલાક કર્મચારીઓને ઘરેથી કામ કરવાની છૂટ આપવામાં આવે તેવા વિકલ્પો પર વિચારણા થઈ. રાજ્ય સરકારના પ્રવેશોત્સવ સહિતના આગામી કાર્યક્રમોની પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 29 મેંના કચ્છના સરહદી વિસ્તારની મુલાકાતે આવી રહ્યા છે. ગૃહ મંત્રી ભુજ આવ્યા બાદ સંવેદનશીલ ગણાતી હરામીનાળાની મુલાકાત લઈને સરહદી સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરશે. હરામીનાળા વિસ્તાર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક હોવાથી સુરક્ષા દ્રષ્ટિએ અત્યંત મહત્વનો માનવામાં આવે છે.

ગૃહમંત્રી સરહદ પર તૈનાત સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક કરીને સુરક્ષા વ્યવસ્થાની માહિતી મેળવશે, તેમજ આંતરરાષ્ટ્રીય સરહદની પરિસ્થિતિ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરશે.

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ **MyGOV** ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે.

ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - **SMS**માં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

## PETROL DIESEL STOCK

રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલના પુરવઠા અંગેની સ્થિતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, રાજ્યમાં ઇંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને

તેનો સપ્લાય સંપૂર્ણપણે સામાન્ય છે. સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમો દ્વારા ફેલાતી ઇંધણની અછતની અફવાઓથી નાગરિકોએ બિલકુલ ગભરાવવાની જરૂર નથી.

**IOCL, BPCL** અને **HPCL** જેવી અગ્રણી ઓઈલ માર્કેટીંગ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ લગભગ દૈનિક ધોરણે સમીક્ષા બેઠકો થાય છે. જે વિસ્તારો કે પંપ પર સ્ટોક ઓછો જણાય, ત્યાં પ્રાથમિકતાના ધોરણે ટેન્કર મોકલવા માટે કંપનીઓને ત્વરિત સૂચના આપવામાં આવે છે. રાજ્યમાં ક્યાંય પણ ઇંધણનું અનધિકૃત વેચાણ કે સંગ્રહખોરી ન થાય તે સુનિશ્ચિત કરવા વહીવટી તંત્રને કડક સૂચનો આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા સામાન્ય નાગરિકો માટે વાહનોની ટાંકીમાં ઈંધણ ભરાવવા અંગે કોઈ જ નિયંત્રણ મુકવામાં આવ્યું નથી. કૃષિ હેતુ માટે ૨૦૦ લિટરની મર્યાદામાં અને મોબાઇલ ટાવર્સ માટે ૧૦૦૦ લિટરની મર્યાદામાં ડીઝલ મેળવી શકાશે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને ઉદ્યોગો માટે જે સાધનો પંપ પર લઈ જઈ શકાય તેમ નથી, તેઓને છેલ્લા છ માસના સરેરાશ ઉપયોગને ધ્યાને લઈ ડીઝલ ફાળવવામાં આવશે.

## SURAT ARTO

ઇંધણ બચાવવાની પ્રધાનમંત્રીની અપીલ બાદ સુરતમાં ઇ વાહનોની ખરીદીમાં વધારો થયો હોવાનું સુરતના એઆરટીઓ અંકિત શાહે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વાહન ચાલકોમાં પણ ઇંધણ બચાવવા અંગેની જાગૃતિ જોવા મળી રહી છે.

**BYTE: ANKIT SHAH, ASSISTANT RTO SURAT**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## PORBANDAR LOCAL BODY

પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ મનપામાં ભાજપે બહુમતી મેળવી હતી. તાજેતરમાં પોરબંદર જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી.

પોરબંદર તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ કારોબારી ચેરમેન અને પક્ષના નેતાની બિનહરીફ ચુંટી કાઢવામાં આવ્યા હોવાનું નવ નિયુક્ત પ્રમુખ પ્રતાપ કેશાવાલાએ જણાવ્યું હતું.

**BYTE - PRATAPBHAI PARBATBHAI KESHWALA**

# ARVALLI TALUKA PANCHAYAT VARNI

અરવલ્લી જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં પ્રમુખ ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. મોડાસા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ અને સાઠંબા તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવી, જ્યારે ભિલોડા અને શામળાજી તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર આવી છે.

ડાંગ જિલ્લાની ત્રણેય તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. વઘઇ અને સુબીર તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવારને પ્રમુખ પદ મળ્યું છે. જ્યારે આહવા તાલુકા પંચાયત કોંગ્રેસના ઉમેદવારને પ્રમુખ પદ મળ્યુ છે. વઘઇ તાલુકા પંચાયતની કુલ **16** બેઠકોમાંથી ભાજપ અને કોંગ્રેસ બંને એ **8-8** બેઠકો જીતી હતી. આહવા તાલુકા પ્રમુખ તરીકે વીણા ગાંગુડે, વઘઈ તાલુકા પ્રમુખ તરીકે ભાજપના શકુંતલા પાડવી અને સુબીર તાલુકા પ્રમુખ તરીકે સંજય પવારની વરણી થઈ છે.

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ભાજપના મયુરી પટેલ અને ઉપપ્રમુખ તરીકે જીલુ સિંધા ચૂંટાયા છે. હાઇકોર્ટે ફોર્મ માન્ય રાખ્યા બાદ જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાયેલી ચુંટણીમાં મયુરી પટેલ **31** વિરૂદ્ધ **7** મતે વિજયી બન્યા. ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં કુલ **40** બેઠકોમાંથી **33** બેઠકો ઉપર ભાજપ અને **7** બેઠકો ઉપર કોંગ્રેસનો વિજય થયો હતો.

# ACCIDENT

મોરબીના માળિયાના હરીપર પાસે ગઈકાલે સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો ઘાયલ થયા છે.

મળતી માહિતી મુજબ દિવથી માતાના મઢ દર્શન કરવા માટે ગયેલા પરિવારને દર્શન કરી પરત ફરતા સમયે માળીયાના હરીપર કેરાળા પાસે ટ્રક અને ઇકો કાર અથડાતાં અકસ્માત થયો હતો.

અકસ્માતમાં માતા-પુત્ર સહિત ચાર લોકોના મોત થયા હતા. જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા છે.

## VALSAD SABSE DUR SABSE PAHELE ABHIYAN

ભારત સરકાર દ્વારા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને પ્રધાનમંત્રી જનજાતિય ન્યાય મહા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા “સબસે દૂર, સબસે પહેલે”ના સ્લોગન સાથે જનભાગીદારી અભિયાનનો ૧૯મે ના રોજથી વલસાડ જિલ્લામાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટ ગામમાં આયોજિત જનભાગીદારી અભિયાન કેમ્પમાં પણ અનેક લોકોએ પોતાના ઘર આંગણે રાજ્ય સરકારની વિવિધ યોજનાનો લાભ મેળવી રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

કેમ્પમાં પોતાના દોઢ વર્ષીય પુત્ર હર્ષિવ સાથે આવેલા બારોલિયા ગામના સુનિલભાઈ જણાવે છે કે, હું બાળકને લઈને અહીં આવ્યો અને મારા દીકરાનો પ્રથમવાર આધાર કાર્ડ કોઈ પણ ધક્કા ખાવા વગર કે લાઈનમાં કલાકો સુધી ઉભા રહ્યા વિના બની ગયું છે જે બદલ મને ખૂબ જ રાહત થઈ છે.

**BYTE: SUNILBHAI, PARENT**

# IPL

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ક્વોલિફાયર-1 માં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. આ મેચ ધર્મશાલામાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. આ મેચની વિજેતા ટીમ સીધી IPL 2026 ફાઇનલમાં પહોંચશે, જ્યારે હારનાર ટીમને ક્વોલિફાયર-2 માં રમવાની બીજી તક મળશે.

જ્યારે આવતીકાલે સનરાઇઝર્સ હૈદરાબાદ એલિમિનેટરમાં રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. હારનાર ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે, જ્યારે વિજેતા ટીમ ક્વોલિફાયર-2 માં આગળ વધશે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ પ્લેઓફમાં પહોંચનારી પ્રથમ ટીમ બની હતી. ટીમે 14 મેચમાંથી 18 પોઈન્ટ મેળવીને સારા નેટ રન રેટના આધારે ટોચનું સ્થાન મેળવ્યું. ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદના પણ 18 પોઈન્ટ છે, જ્યારે રાજસ્થાન રોયલ્સ 16 પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે.

# WEATHER

આગામી 31 મે સુધી રાજ્યનુ હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ 25 થી 28 મે સુધી મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળશે નહીં, જ્યારે ત્યારબાદ તાપમાનમાં અંદાજે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળવાની સંભાવના છે.

ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનને કારણે અકળામણભર્યું વાતાવરણ અનુભવાઈ શકે છે.

## EXAME

ગુજરાત ઉચ્ચ મહેસુલ લાયકાત પરીક્ષા 2026 અંતર્ગત પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને વાવ થરાદ જિલ્લાના ઉમેદવારો માટે પાટણ એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલ કેન્દ્ર ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઇકાલથી શરૂ થયેલી આ પરીક્ષા તારીખ **30** મે સુધી ચાલશે. આ પરીક્ષામાં ઉત્તર ગુજરાત વિસ્તારના કુલ **475** ઉમેદવારો નોંધાયા છે, જેમાં પરીક્ષાના પ્રથમ દિવસે **461** ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને **9** ઉમેદવારો ગેર-હાજર રહ્યા હતા.

---------------------------------------------------------